

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કરાવે અમલ કાયદાનો ઉપાય ખડગે છે,*
*બણગે બહુમતિના, પણ પ્રજાથી અળગે છે*
*વિરોધના પડઘે પણ વળગે ખોટી જીદને -*
*ભડકે છે ભાઈચારો, સંપ ને શાંતિ સળગે છે...*
*(ચર્ચા-સંવાદથી બધી સમસ્યા ઉકલે)*

### હાઈકુ

*ઘર્ષણ શરૂ?*
*શાંતિ હતી સેનામાં -*
*થયા ભાગલા !!*

*મૂકો કોરાણે !?*
*સંસદ આધિપત્ય -*
*પૂજો B-પીન*

*(આર્મી ચીફ અને સીએએ વચ્ચે નિવેદનની ચકમક?)*

### ચિંતન

***ભઈ ખરાબ આબ ગઈ સારી, લોભ મોહે મેં જ્ઞાની;***
***ઐસે હિ ઓઢત ઉમર ગંવાઈ, ભલી-ભૂરી નહીં જાની***

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**કબીર કહે છે કે તે આ અણમોલ ચૂંદડીને જિંદગીભર ઓઢી રાખીને તેની સુંદરતાને ગુમાવી દીધી છે. લોભ અને મોહનો તેને સડો લાગી ગયો છે અને જેથી જર્જરિત થઈ ગઈ છે. શું સારું ? અને શું ખરાબ? એનો વિચાર કર્યા વગર તેનો તે દુરપયોગ જ કર્યો છે અને આ ચૂંદડીરૂપી અમૂલ્ય દેહની તારા કુકર્મોને લીધે તે ઈજ્જત ગુમાવી છે.**

**યુવાન શરીરને વાસના અને મસાલાવાળા ખોટા ખોરાકનો ચસકો, દારૂ અને નશીલા પદાર્થનું સેવન શરીરને ખોખલું બનાવી નાખે છે.**

**શરીર ઈશ્વરે સાધના અને સેવા માટે આપ્યું છે પણ આપણે શરીરનો દુરુપોયગ કરી તેમાં 'સડો' ભરી નૂકશાન પહોંચાડીએ છીએ. ખાવા-પીવામાં સંયમ રાખી સાત્ત્વિક ખોરાક સાથે સાત્ત્વિક જીવન જીવવું જોઈએ.**

### સુવિચાર

- જીવનમાંથી વ્યર્થ ને દૂર કરો, જીવન સાર્થક આપોઆપ થશે - **જીવન પાથેય**
- ધર્મનું પાલન એ આંતરિક પરિવર્તનનો માર્ગ છે - **ટોલ્સટોય**
- લાંબા જીવન માટે ઉદ્દેશ મહાન અને ઉદાત હોવો જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- છોડી દો બધા દુઃખો - નિશાશાઓ, બદલાવાથી તો મોસમ પણ સરસ લાગે જ છે ને!! - **કાંતિ ભટ્ટ**
- પોતાનો વિચાર કરીને ચાલે તે 'માણસ', બીજાનો વિચાર કરીને ચાલે તે 'માનવ'- **અખંડ આનંદ**
- પ્રશંસા કશુ શીખવાડતી નથી, જયારે ટીકા કશુંક શીખવાડી જતી હોય છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : ૨૫૦ મીલી કોપરેલમાં પચાસ ગ્રામ મેંદીના પાન ઉકાળવા તે તેલ ઠંડુ પડે ત્યારે માથામાં લગાડવાથી વાળ વધે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આજે એક અંગ્રેજ કવિનો સાર ગુજરાતીમાં માણીએ. કવિતાનું શીર્ષક 'તુરંત જોઈએ છે... પરંતુ લોહી નહિ' શીર્ષકમાં જ કવિ સમજાવે છે કે જીવન ટકાવી રાખવા માટે માત્ર લોહી નહીં પણ બીજું ઘણું જોઈએ... જોઈએ છે એક ઈલેકટ્રીશીયન કે જે બે ન વાત કરતા એકબીજા સાથે ન બોલતા વ્યક્તિ વચ્ચેનો તૂટેલો સંવાદનો તાર જોડી આપે... લાગણીના પ્રવાહને બંને તરફ વહેતો કરી આપે... જે કયારેય ન અટકે... જોઈએ છે... એક એવો કલાકાર... જે દરેકના ચહેરા પર એક સુંદર સ્મિતની રેખા દોરી આપે. ચારે બાજુ ખુશીઓના રંગ ફેલાવે... જોઈએ છીએ... એક એવા ચશ્મા બનાવનાર... જે બધાનો જીવન પ્રત્યેનો... અન્ય માણસો પ્રત્યેનો... એકબીજા પ્રત્યેનો જોવાનો દૃષ્ટિકોણ બદલી નાખે... જોઈએ છે એક એવો કોન્ટ્રાક્ટર... જે શાંતિ અને સ્નેહનો પુલ બાધી આપે... જે કયારેય ન તૂટે... જોઈએ છે એક એવો ખેડૂત... જે સાચા વિચારોની ખેતી કરી આપે... સમાજ ને અને જિંદગી જીવવા જેવી કરવા માટે સૌના હૃદયમાં સદ્‌વિચારો ઉગાડી આપે... જોઈએ છે... એક ગણિતના શિક્ષક... જે આપણને સૌને એકબીજાની તથા પ્રકૃતિની કિંમત સમજાવે... ઈશ્વરે આપણા સૌ ઉપર કેટલી અને કેવી કેવી કૃપા કરી છે તે ગણતા શીખવાડે... આ કવિતાનો ભાવ એવું જણાવે છે. આવા વ્યક્તિઓ આપણને કંઈ શોધવાના નથી... આપણે પોતે એ વ્યક્તિઓ બનવાનું છે.

# ગાંધીજીને એવોર્ડ આપવા માટે ગાંધીજીનું ગજું જોઈએ

**તંત્રીસ્થાનેથી...**

એક સંવેદનશીલ નાગરિક દ્વારા સુપ્રીમ કોર્ટમાં ગાંધીજીને 'ભારત રત્ન' સમ્માન અપાવવા અંગે યાચિકા દાખલ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટની બેન્ચે તો યાચિકા ધ્યાને લઈ જે અભિપ્રાય આપ્યો છે તે મહત્ત્વનો છે. ગાંધીજી માટે દેશના અદના નાગરિકના હૈયે ઉત્કટ સન્માનની લાગણી પ્રગટે તે સમજી શકાય એવી બાબત છે. પરંતુ એ તો વિશ્વવિભૂતિ હતા. કોઈ પણ એવોર્ડ કરતાં એ મૂઠી ઊંચેરી પ્રતિભા ધરાવતા મહામાનવ હતા. એટલે 'ભારત રત્ન' જેવું રાષ્ટ્રનું સર્વોચ્ચ સરકારી સન્માન આપવાથી જે એમનું બહુમાન કર્યું ગણાશે એવી માન્યતા ભૂલ ભરેલી છે. સુપ્રીમ કોર્ટ ગાંધીજીને જે ઊંચાઈએ સ્થાપે છે તે દાદ માગી લે છે. અરજદારની યાચિકાનો અસ્વીકાર કરતી વખતે પણ કોર્ટે અરજદારની લાગણીનું સન્માન જાળવ્યું છે અને તેઓ ઈચ્છે તો આવી ભલામણ કેન્દ્ર સરકારને જરૂર કરી શકે - એવી છૂટ આપી છે. ગાંધીજીને 'ભારત રત્ન'થી નવાજવાની તક તો પ્રથમ પંડિત જવાહરલાલ નહેરુ અને પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ઝડપી લેવી જોઈતી હતી. બાપુને મરણોત્તર પ્રથમ 'ભારત રત્ન' અપાયો હોત તો એમાં ઔચિત્ય પણ વરતાત. પરંતુ તમામ ગાંધી વિચારને વરેલા નેતાઓ માટે ગાંધીજી તમામ સર્વોચ્ચ એવોર્ડોથી ઉફરા હતા. ગાંધીજીને સન્માનિત કરવા માટે ગાંધીજીનું ગજું ધરાવતી વિભૂતિ જોઈએ. હજાર વર્ષો દરમિયાન ગાંધીજીની સ્પર્ધામાં ટકી શકે એવું કોઈ વ્યક્તિત્વ ઈતિહાસનાં પાનાંમાં અંકાયું નથી. એથી જયારે કૃતજ્ઞ રાષ્ટ્રે એમને 'રાષ્ટ્રપિતા' તરીકે નવાજ્યા ત્યારે પણ બંધારણમાં કયાંક એવી નોંધ નથી કરાઈ. નાણાં પર રાષ્ટ્રપિતાની છબી જરૂર અંકાતી રહી છે અને રાષ્ટ્રીય પર્વોની ત્રયીમાં ગાંધી જયંતિ - ૨ ઑકટોબરનો પણ સમાવેશ થાય છે. બાકી ગાંધીજીને તો સળંગ ત્રણેક વાર નોબેલ શાંતિ પારિતોષિક માટે નોમિનેટ કરાયા પછી પણ નિર્ણાયકો અવઢવમાં રહ્યા હતા. પાશ્ચાત્ય પ્રજામાં એમની છાપ અહિંસાને વરેલા 'હિંદુ નેતા' તરીકેની હતી. એ રામનું નામ લેતા ફરતા હતા, 'રઘુપતિ રાઘવ રાજારામ'ની ધૂન ગવડાવતા હતા. આટલી બાબતો એમને સાંપ્રદાયિકતાનું લેબલ લગાડવા પૂરતી હતી ! વિડંબના પણ કેવી છે કે અઠંગ રામભક્તની હત્યા એક કટ્ટર હિંદુએ કરી હતી. કદાચ એણે પ્રાર્થના માટે આવી રહેલા મહાત્માને વંદન કરીને ધરબેલી ત્રણ ગોળીઓ એ ગાંધીજીની કારકિર્દીનો સર્વોચ્ચ પુરસ્કાર હતો ! હમણાં કોમનવેલ્થ દ્વારા ગાંધીજીના નામે શાંતિ પુરસ્કાર શરૂ થઈ રહ્યો છે. દોઢસોમી જયંતિ પ્રસંગે ગાંધીજીને આખી જિંદગી એમને જેમની વિરુદ્ધ ચળવળ ચલાવી એવા અંગ્રેજો તરફથી આ સમ્માન મળી રહ્યું છે, ગાંધીહત્યા પ્રસંગે ગદ્ ગદ્ થઈ પંડિત જવાહરલાલ નહેરુએ રાષ્ટ્રજોગા વાયુ પ્રવચનમાં રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તની પંક્તિઓ ટાંકી હતી :

મરા નહીં વહી કિ જો જિયા ન આપકે લિએ ।
વહી મનુષ્ય હૈ કિ જો મનુષ્ય કે લિએ જીએ ॥

# કેટલાંક વાલીની નકારાત્મક માનસિકતા



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

બાળકના ઘડતર અને સર્વાંગી વિકાસમાં વાલીની ભૂમિકા અનન્ય છે. બાળક માટે પહેલી શાળા ઘરે છે. જ્યાંથી બાળક ઘણું શીખે છે. શાળામાં આવ્યા પહેલાં અને આવ્યા પછી પણ ઘરના સંસ્કારોની અસર બાળક પર ખૂબ જ થાય છે. વાલીના એક એક વર્તનની નોંધ બાળક લેતું જ હોય છે. જેથી વાલીના વર્તનવ્યવહારની અસર બાળક પર થાય છે. આ બધું આજનો વાલી જાણે જ છે. જેથી કેટલાક વાલી બાળકના શિક્ષણ પાછળ સમય આપતા થઈ ગયા છે. તો વળી કેટલાક વાલી આ માટેની જવાબદારી મોટાના માથાં પર રાખતા માંગતો જ નથી. પરિણામ સ્વરુપ સમાજમાં વાલીના બે ચહેરા જોવા મળે છે. આ બે ચહેરાને પારખવા માટે હકારાત્મક અને નકારાત્મક સત્ય કેટલાક કિસ્સા પ્રસ્તુત છે. જેમાંથી વાલીને પ્રેરણા મળે તેમ છે.


હમણાં થોડા દિવસ પહેલા એક વાલી પોતાના બાળકનું એલ.સી. કઢાવવા માટે એક શાળામાં ગયા. જઈને કહ્યું કે મારે બાળકનું એલ.લી. કઢાવવાનું છે કલાર્કે પૂછ્યું કે કયા ધોરણમાં અને કયા વર્ગમાં અભ્યાસ કરે છે ત્યારે વાલીનો જવાબ હતો ધોરણ-૯માં છે, કલાર્કે અરજી લઈને થોડા સમય બેસવાનું કહ્યું. કલાર્કે ધોરણ-૯ નું વિદ્યાર્થીનું રજીસ્ટર કાઢીને નામ જોવા પ્રયત્ન કર્યો. પણ તેમાં તે વિદ્યાર્થીનું નામ ન હતું. કલાર્કને મન થયું કે નવમાં બીજા કોઈ કલાસમાં હશે. કલાર્કે નવમાંના બધા જ વર્ગમાં તેનું નામ શોધ્યું પણ તેમને તે વિદ્યાર્થીનું નામ ન હતું. ત્યારબાદ તેને બધા જ વિષય શિક્ષક અને વર્ગશિક્ષકને પૂછ્યું કે આ નામનો વિદ્યાર્થી તમારા કલાસમાં છે. પરંતુ બધા શિક્ષકે 'ના' પાડી. ત્યારબાદ કલાર્ક વાલી પાસે જઈ વાલીને પૂછ્યું, કે તમારું બાળક નવમાંમાં તો નથી પણ તમે ધોરણ ભૂલી તો નથી ગયા ને ? વાલી તે કલાર્ક પર ગુસ્સે થઈ ગયો. કલાર્કને બોલવા લાગ્યો, બરાબર ચેક કરો. કલાર્કે વાલીને સમજાવ્યા. ત્યારબાદ કલાર્કે અંતે શાંતિથી પ્રશ્ન પૂછ્યો કે તમારું બાળક કઈ શાળામાં ભણે છે. બીજી કોઈ શાળામાં ભણે છે અને એલ.સી. કઢાવવા આ શાળામાં આવ્યા છો. તમને એ પણ ખબર નથી કે તમારું બાળક આ શાળામાં ભણે છે ?

ઘણી શાળાઓ તેમાં પણ ખાસ કરીને પ્રાથમિક શાળાઓ બાળકોને એક દિવસ માટે પિકનિક પર લઈ જતી હોય છે. ત્યારે શિક્ષકો વાલીને જણાવતા હોય છે કે, રાત્રે બાળકને કેટલા વાગે શાળા પર લેવા આવવાનું છે ત્યારે શિક્ષકો રાત્રે જણાવેલ સમય મુજબ પિકનિક પરથી બાળકો પરત શાળામાં આવે તો પણ પંદર-વીસ બાળકોના વાલી બાળકને વાલી બાળકને લેવા આવ્યા જ નથી. ત્યારે શિક્ષકો બાળકો પાસે વાલીને ફોન કરાવે છે. બાકીનાં ચાંર-પાંચ બાળકોને તો શિક્ષકો મૂકવા જાય છે. જયારે ડોરબેલ વાગે ત્યારે બારણું ખોલે, બાળક ઘરમાં જાય પરંતુ શિક્ષકને ઘરમાં બોલાવે પણ નહીં. થેન્કસ પણ ન કહે, અને ગમે તે રીતે જલદી બહાના હેઠળ તેમને જલદી મોકલવાનો પ્રયત્ન કરે.

કેટલીક શાળામાં વાલીને તેમના બાળકની જવાબદારી ઘરે બતાવવા માટે આવે છે. જેથી વાલીને ખબર પડે કે તેમનું બાળક કયાં કાચું છે ? કેવા પ્રકારની ભૂલો કરે છે આવા પ્રસંગે કોઈ બાળક વાલીને બતાવે તે પણ બેપરવાહ રહે છે. એક વાલી પોતાના બાળકની ભૂલ પર ચાર-પાંચ વાર લખવાનું કહે છે. વાલી બાળકને એવી સલાહ આપે ઘણીવાર કે પેપરમાં બધું જ લખવું વધારાના બધા જ પ્રશ્ના લખવા કઈ પણ છોડવું નહીં. હવે જયારે પેપર લખીને આવે ત્યારે વાલી બાળકને પૂછે પેપર કેવું ગયું? ત્યારે બાળક કહે કે બાકી રહી ગયું. તમે કહ્યું હતું કે વધારાના સાથે બધા જ પ્રશ્નો લખવા એટે મોટા પ્રશ્નો રહી ગયા. ઘણીવાર અધકચરો ખ્યાલ હોવાથી આવો બની જાય.

ઘણીવાર બાળક ગૃહકાર્ય ન કરે અથવા તો કંઈ પણ બહાનું નીકળે ત્યારે વાલી તેમને ખોટી વાત માટે મદદ કરે અને તેમની મદદથી તેમને ખોટી બહાનાવાળી ચિઠ્ઠી પર લખી આપે. આ વાત બાળક પર ખોટી અસર નકારાત્મક પડે છે. આ બધી જ વાત પરથી એવું તારણ નીકળે છે કે વાલી જે કંઈ પણ કરે છે આ બધા જ ખ્યાલ અને અસર તેના બાળક પર પડતા હોય છે. ઘણા એવા પણ વાલી હોય છે કે ખૂબ જ હકારાત્મક વિચારસરણી ધરાવતા હોય છે.

# ચાર વર્ણ, સંસ્કાર, ડી.એન.એ, સમાજ અને ૨૧મી સદી



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

હું બહું જ ચૂસ્તપણે માનું છું કે ઈશ્વરે સંસારના સૌ મનુષ્યોને એક જ સરખા બનાવ્યા છે. ઈશ્વરે કોઈપણ જાતના ભેદભાવ વિના બધાને એકસરખો મનુષ્યનો દેહ આપ્યો છે. બધાને એકસરખું લોહી, એકસરખી શક્તિ આપી છે. આમ છતાંય આજે આપણી વચ્ચે જ્ઞાતિ જાતિના, ઉચ્ચ નીચના અનેક ભેદભાવો જોવા મળે છે. એના કેટલાંક ડી.એન. એ સંબંધી, નાડી સંબંધી, ઉછેર-વાતાવરણ સંબંધી કારણો પણ છે. જેના વિશે આપણે ક્યારેય વિચારતા જ નથી. આ ભેદભાવો કેમ ઉદભવ્યા ? ક્યારે ઉદભવ્યા? એ નિવારવા માટે શું કરવું જોઈએ ?

આપણા હિંદુ ધર્મમાં ચાર વર્ણો પાડવામાં આવ્યા છે, વેદકાલીન યુગના આ ચાર વર્ણોને ધીરે ધીરે જ્ઞાતિમાં ગણી લેવામાં આવ્યા. હકિકતે તો હજારો લાખો વર્ષ પહેલા જ્યારે માનવી પાસે ભાષા જ નહોતી, માત્ર સંકેતો કે ઈશારાઓથી પોતાનો વ્યવહાર ચલાવતો ત્યારથી લઈને ભાષા—લિપિના યુગ સુધીના વિકાસમાં અને મનુષ્યની આંતરિક શક્તિની ઓળખથી લઈને બાહ્ય કામગીરી સુધીની માનવીય પ્રવૃત્તિઓના યુગ સુધી અને મનુષ્યના ટોળાઓ, સમાજો અને પ્રદેશો પરના આધિપત્ય સુધીની વ્યવસ્થાને આધારે આપણા એ વખતના સમગ્ર સમાજમાં કેટલાંક માપદંડો નિશ્ચિત થઈ ચૂક્યા હતા. જે મનુષ્યો તપ, ધ્યાન, કરતા હતા, ગ્રંથો, વેદો, શાસ્ત્રોની રચના કરીને સમાજને ધર્મ અને નીતિના રસ્તે વાળતા હતા, મંત્રશક્તિથી ચમત્કારો કરતા હતા, સ્વયમ શિક્ષિત થઈને એ વખતના સમાજના બીજા લોકોને શિક્ષિત કરીને જીવદયા, કર્મ-ધર્મના સિદ્ધાંતો સમજાવીને મનુષ્યજીવનની સાર્થકતા, સંસ્કારનું મૂલ્ય સમજાવતા હતા. આ પ્રકારના સૌ લોકોને " બ્રાહ્મણ " તરીકે સંબોધવામાં આવ્યા. આ જ સમયે મનુષ્ય જાતિનો એક બહુ મોટો વર્ગ એવો હતો કે આ શાસ્ત્રોની રચના કરનાર, કર્મ અને ધર્મનું જ્ઞાન આપનાર ઋષિ મૂનિઓને, બ્રાહ્મણોને અનેક તત્ત્વો રંજાડતા હતા, હેરાન પરેશાન કરતા, એમના યજ્ઞોમાં, તપ ધ્યાનમાં વિઘ્નો નાખતા હતા, કેટલાય મનુષ્યો આવા તત્ત્વો સામે લડીને બ્રાહ્મણોની, ઋષિમૂનિઓનું રક્ષણ કરતા હતા. અને ધીમે ધીમે આખા સમાજના રક્ષણની જવાબદારી એમણે ઉપાડી જેઓ કાળાક્રમે ક્ષત્રિય કહેવાયા, આ વેદકાલીન સમયમાં શાસ્ત્રો, કર્મ,ધર્મના જ્ઞાન સાથે, સમાજના રક્ષણની સાથે સાથે સૌના પરિવારનું ભરત પોષણ યોગ્ય રીતે થાય એ માટે કેટલાક મનુષ્યો વ્યાપાર કરતા થયા, આરંભના શિકારી જીવનમાંથી બહાર નીકળીને અનેક લોકોના જૂથ સભ્ય સમાજ બનવા તરફ જઈ રહ્યા હતા, સમજણ વિકસી રહી હતી, ક્યાંક ક્યાંક સામાજિક વ્યવસ્થાનો આરંભ થઈ ચૂક્યો હતો. તેથી એક વેપાર પદ્ધતિ અને વ્યવસ્થાની કામગીરી જે જે લોકોએ સ્વેચ્છાએ સ્વીકારી તે સૌ 'વૈશ્ય'નું સંબોધન પામ્યા. અને આ સમયે આ ત્રણેય વર્ણ વ્યવસ્થાથી જેઓ દૂર રહ્યા, અથવા કહો કે પોતાની આદિમતાને આ આવરણોથી દૂર રાખીને પોતાના સમૂહને શિક્ષિત ના થવા દઈને આ ત્રણેય વર્ણ વ્યવસ્થામાં વિભાજિત થયેલા સમાજોમાં, કબિલાઓમાં, ઘરોમાં, શેરીઓમાં થતી ગંદકીને દૂર કરવાનું કામ જાતે જ સ્વીકારીને પોતાનું ગુજરાન ચલાવતા થયેલા, જંગલમાં શિકાર મળે ના મળે પણ આ સભ્ય કબિલાઓના ઘરોમાંથી ભોજન અવશ્ય મળતું હોવાથી આ ગંદકી દૂર કરવાનું કામ સ્વીકારીને કરતા થયા. તેવા લોકોને 'ક્ષૂદ્ર' નું સંબોધન મળ્યું. અહી ક્ષૂદ્રનો અર્થ આપણે 'હલકું' કરીએ છીએ પણ એ સાવ ખોટી સમજ છે. ક્ષૂદ્રતા એટલે નિશ્વાર્થભાવે થતી સેવા, આ વર્ગના લોકોએ જે તે સમયે ત્રણેય વર્ગની કામગીરી અને વ્યવસ્થા જોઈને પોતાને અલ્પ માનીને એમની ગંદકી સ્વીકારીને, એમના દ્વારા મળેલું ભોજન ખાઈને નિર્વાહ કરવો, એમની નિશ્વાર્થ સેવા કરવી એ વેદજ્ઞાનથી પણ વિશેષ કર્મ બને છે. સંસારમાં કદાચ 'સેવા' શબ્દની સમજણ આ ક્ષૂદ્રતામાંથી જ મળી હોય એમ પણ બને.

ધારણા છે કે આ રીતે ચારેય વર્ણો અસ્તિત્વમાં આવ્યા હોય. અને આ ચાર વર્ણો માત્ર ને માત્ર સૌના કામને ધ્યાનમાં રાખીને ઊભા કરવામાં આવ્યા હતા. જે એ વખતે સર્વ સ્વીકૃત બન્યા હતા. વેદો અને શાસ્ત્રોમાં જોઈ શકાય છે કે એમાં માનવતામાં કોઈ ભેદભાવ નથી દાખવ્યા. એ વખતે બીજા વર્ણોમાંથી આવીને તપ ધ્યાન કરીને, શાસ્ત્રોનું જ્ઞાન મેળવીને અનેક મહાન ઋષિઓ થયા છે. તપ, સાધના, પૂજા ભક્તિ કરીને, શાસ્ત્રો અને વેદોના જ્ઞાન થકી એક નવી ઊર્જા પ્રાપ્ત કરીને ઈશ્વરે આપેલી અદશ્યશક્તિને ઓળખીને એનો ઉપયોગ સમાજના હિતમાં કરીને એક સંસ્કારનું ઘડતર કરવામાં આવ્યું છે. અને એના લીધે જ કદાચ એ વખતના બ્રાહ્મણો પૂજનીય, ઈશ્વરતૂલ્ય ગણાતા હતા. આશ્રમો સ્થાપી લોકોને જ્ઞાન આપવું, શિક્ષિત કરવા અને ભિક્ષા માંગીને ગુજરાન ચલાવવાનું તેઓએ સ્વીકારી લીધેલું. તેવી જ રીતે ધીમે ધીમે ક્ષત્રિયના જૂથોમાંથી સરદાર થયા અને એમાંથી રાજાશાહી અસ્તિત્વમાં આવી. ક્ષત્રિયો રાજા થયા. દુશ્મનો સામે યુદ્ધો કરીને અન્ય પ્રજાનું રક્ષણ કરવાની કાર્યરીતિ અને માનસિકતા એમના સંસ્કાર બન્યા. એમ જ વ્યાપાર અને સફાઈની કામગીરી અન્ય વર્ણોના લોકોની માનસિકતા અને સંસ્કારમાં ઉતર્યા જેને આપણે આજે ડી.એન.એ તરીકે ઓળખીએ છીએ. અને આ વર્ણ વ્યવસ્થા પાછળ ભારતીય વિદ્વાનો, ઋષિમૂનિઓ કે દાર્શનિકોની દીર્ઘ દૃષ્ટિ જ હતી. કે જ્ઞાન, સત્તા, ધન અને સ્વચ્છતાના કામો વહેંચાયેલા રહે, જેથી સમગ્ર માનવ સમાજ સુરક્ષિત રહે.

ભગવદગીતામાં શ્રી કૃષ્ણ કહે છે કે 'ચાતુર્વણ્ય મયા સૃષ્ટા ગુણકર્મ વિભાગશઃ ' અર્થાત ગુણ અને કર્મ પ્રમાણે મેં સ્વયમ આ ચાર વર્ણોની વ્યવસ્થાવાળી સૃષ્ટિ રચી છે. જો કે આ વાત સાથે હું સહમત થતો નથી. કેમ કે કૃષ્ણના જન્મ પહેલા આ વર્ણોની રચના થઈ ચૂકી હતી. પણ ઈશ્વરાધિન વાત બનાવવાથી સમાજના લોકોની સ્વીકૃતિ દૃઢ બને એ માટે રચયિતાએ કૃષ્ણ મૂખે આ વાત મૂકી હોય.

આ ચારેય વર્ણ વ્યવસ્થા હજારો લાખો વર્ષ સુધી ચાલતી રહી જેમાંથી પછી અઢાર વર્ણ બન્યા.. શક્ય છે કે આ ચારેય વર્ણ વ્યવસ્થાનો લાભ દરેક વર્ણના આગેવાનોએ, બુદ્ધિજીવિઓએ અનેક રીતે લીધો હોય, ચોથા વર્ણની પ્રજાનું, અશિક્ષિત પ્રજાનું શોષણ થયું હોય. અથવા એ પણ શક્ય છે કે આ વર્ણની પ્રજાને પણ શિક્ષિત કરવાના પ્રયત્નો થયા હોય પણ એ પ્રજાના આગેવાનોએ જ આ શિક્ષણ પદ્ધતિ ના સ્વીકારી હોય, જેને કારણે આખો વર્ણ, જનસમૂહ અશિક્ષિત, શોષિત રહી ગયો હોય,

આજે આપણે ૨૧મી સદીના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં પણ કોઈ એક કાર્ય દસ વીસ વર્ષ એકધારું કરીએ છીએ તો આપણી એ મુજબની માનસિકતા બની જાય છે. એનો પ્રભાવ આપણા પરિવારના સભ્યો ઉપર તથા શક્ય છે કે આવનારી પેઢી ઉપર પણ પડે છે. અને ધીમે ધીમે એ આપણા સંસ્કાર બની જાય છે. જેને આપણે ડી.એન.એ કહીએ છીએ.

આપણા આજના જીવનનું, વિચારધારાનું, સંસ્કારનું, વાણી અને વ્યવહારનું મૂળ આ ડીએનએ છે. વેદકાલીન યુગમાં જે ચાર વર્ણો હતા, તે ચારમાંથી આજે ચારસોથી વધારે જ્ઞાતિ જાતિ બની ચૂકી છે. અનેક જાતિના લોકો એકબીજાને પછાડીને સર્વોપરિ થવા મથે છે. આપણા દેશ ઉપર હજારો વર્ષ વિદેશી આક્રમણકારીઓએ રાજ કર્યું એનું કારણ આપણા સમાજમાં આ ચાર વર્ણ વ્યવસ્થાને કારણે ઉત્પન્ન થયેલી અનેક જ્ઞાતિ જાતિની વાડાબંધી છે. આજે આ ૨૧મી સદીમાં પણ ભારતીય સમાજમાં હજીએ ચૂસ્તપણે જ્ઞાતિ જાતિમાં માનવામાં આવે છે. ખાસ કરીને પારિવારિક પ્રસંગોમાં, લગ્નપ્રસંગે, અને આ જરુરી પણ છે. કેમ કે એક જ વિચારસરણી, એક જ સંસ્કારવાળા પરિવારમાં દીકરો કે દીકરી જલદી હળીમળીને રહી શકે છે. આપણે ત્યા હજીએ એક પેઢી એવી છે કે જે આ જાતિગત સંસ્કારોને ઓળખે છે, સમજે

**અનુસંધાન પાના નં ૭ પર**

# આ આગ નહિ 'એલાર્મ' છે...!



**રજળપાટ**

અજય ઉપાધ્યાય

'ઓસ્ટ્રેલીયાના જંગલોમાં લાગેલી આગનું કારણ ભારતમાં ચાલુ રહેલો વરસાદ છે :...''. લ્યો બોલો ! વાંચતા નવાઈ લાગતી હોય કે એમ લાગતું હોય કે આ કોઈ ટાઢા પહોરનું ગપ્પું છે તો જણાવી દઉં કે જંગલોમાં લાગતી આગ અને એના હવામાન પર સંશોધન કરતા રહેલા મેલબોર્ન યુનીવર્સીટીના વિશેષજ્ઞ ટ્રેન્ટ પેહમેનનો આવો દાવો છે. પેહમેનભાઈનું કહેવું છે કે એશિયામાં દક્ષીણ -પશ્ચિમ ચોમાસું લગભગ સપ્ટેમ્બર કે બહુ બહુ તો ઓક્ટોબર સુધીમાં પૂરું થઈ જાય છે અને પછી એ હવાઓ ત્યાંથી દક્ષીણ બાજુ પ્રયાણ કરે છે કે જેનાથી વરસાદની સંભાવના રહે છે પણ થયું એવું કે ભારતમાં તો આપણે ત્યાં ચોમાસું ખાસું લાંબુ અને ખુબ જ વધુ વરસાદવાળું રહ્યું. ઈવન હમણાં જાન્યુઆરીમાં પણ સૌરાષ્ટ્ર બાજુ અને એ પહેલા પણ કરા અને તડાકા-ભડાકાવાળો વરસાદ આપણા ગુજરાતમાં પણ ખાબક્યો. પેહમેનભાઈનું કહેવું છે કે સમયસર વરસાદ ના થવાને કારણે ઓસ્ટ્રેલિયાનો વિસ્તાર નામે ડાર્વિન સુકી હવાવાળો રહ્યો, વરસાદ વગરનો રહ્યો અને એને લીધે પૂર્વી તટ વધુ શુષ્ક થવાથી એને લીધે આગ લાગવાની શક્યતા વધી ગઈ. જો કે પેહમેનભાઈએ જે કહ્યું એની ચેતવણી તો વૈજ્ઞાનિકો અને હવામાન વિશેષજ્ઞ લોકો ઘણા વખતથી આપતા રહ્યા જ છે કે જળવાયું પરિવર્તનને કારણે મોસમ વધુ ગરમ થઈ શકે છે અને એને લીધે આગ લાગવાના બનાવો વધી શકે છે. કલાઈમેટ ચેન્જની ચેતવણીઓ વૈજ્ઞાનિકો વારંવાર આપી જ રહ્યા છે. મોટા મોટા ગલેસીયરો કે જે મોટાભાગની નદીઓના પાણીના મુખ્ય આધારસ્થંભ છે એ બહુ ઝડપથી પીગળી રહ્યા છે, પણ કોઈ કરતા કોઈ દેશના પેટનું પાણી નથી હલી રહ્યું.

ઓસ્ટ્રેલીયા. ભારતથી દક્ષિણ યાની કી એક્જેટલી દક્ષિણ પશ્ચિમ બાજુ નીકળી પડો તો લગભગ સાતેક હજાર કિલોમીટર પછી આ દેશ આવે. આ ખુબસુરત દેશમાં લગભગ ન્યુ સાઉથ વેલ્સ આસપાસ સપ્ટેમ્બર મહિનાથી જંગલો ભડકે બળી રહ્યા છે. જો કે શરૂઆત તો જુનથી જ થઇ ગયેલી.રાહતની વાત એ છે કે આજે પાંચેક મહિનાની ભયાનક તબાહી પછી આ વિકરાળ આગ કૈક અંશે ઓછી થઈ છે અને વચ્ચે થયેલા વરસાદને કારણે થોડી રાહત મળી હતી. પરંતુ આકાશ સ્વચ્છ થતા જ આગ ફરી ફેલાવવા માંડી. અને એની ભયાનકતા પાછળ છોડી ગઈ છે. અહિયાં જંગલોમાં આગ કોમન વાત છે કેમકે ગરમીને લીધે કે પછી સુકા લાકડાઓના આપસી ઘર્ષણને લીધે આગ દર ઉનાળે લાગતી હોય છે એટલું જ નહિ પણ આગથી બનેલા ધુમાડાઓ ઉંચે જઈને વાદળનું સ્વરૂપ લઇ લે છે અને એમાંથી પછી વીજળી ચમકવાની ઘટના બને છે અને એ વીજળી ફરી પાછી આગ લગાડવાનું નિમિત બને છે. પણ મોટાભાગે થાય છે એવું જંગલના કોઈ ભીના પ્રદેશો સુધી આવતા આવતા કે પછી વરસાદ પડે એટલે આ આગ ઠરી જાય છે કે આગળ વધતી અટકીને ઓલવાઈ જાય છે. પણ આ વખતે આવું કશું જ થયું નહિ...! આને ઓસ્ટ્રેલીયન બુશફાયર કહે છે અને એનું મહત્વનું કારણ જેને ગણાવાય છે એ તાપમાનના ફેરફારનો અંદાજો એ પરથી આવશે કે જાન્યુઆરીમાં ઘણી જગ્યાએ તાપમાન ૪૪ થી ૪૯ ડીગ્રી જેટલું આકરું જોવા મળ્યું, જનરલી આ તાપમાન ડીસેમ્બર કે જાન્યુઆરીના એવરેજ તાપમાન કરતા ક્યાય વધારે હતું. જો કે એનું કારણ આગ પણ ગણી શકો પણ હકીકત એ છે કે મોસમમાં બદલાવ તો હતો જ. જો કે બુશફાયરના અનેકો કારણો માંહેનું એક કારણ ઓસ્ટ્રેલિયામાં છેલ્લા ઘણા વર્ષોથી દુષ્કાળની સ્થિતિ બનેલી છે અથવા તો ઓછો વરસાદ પડી રહ્યો છે. આંકડા કહે છે કે ઓસ્ટ્રેલિયામાં દર વર્ષે તાપમાન એક ડીગ્રી વધતું જાય છે.એમાં ઉપરથી ગરમ અને સુકું હવામાન. એમ તો નવેમ્બરમાં ઓસ્ટ્રેલીયન ઓફિસરોએ એક છોકરાને જંગલમાં આગ લગાડવાના આરોપસર પકડેલો પણ ખરો કે જેના પર જંગલમાં જુદી જુદી જગ્યાએ આગ લગાડવાનો આરોપ છે. એમ તો હમણાં જ ત્યાં વરસાદ પડ્યો એનો પણ જશ ઘણા લોકોએ પોતપોતાની રીતે લેવાની કોશિશ પણ કરેલી પણ હકીકત એ છે કે ઓફિસરો કહી ચૂક્યા છે કે પરીસ્થીતી હજુ વણસી શકે છે.

કારણો એક થી વધુ હોઈ શકે છે પણ હકીકતે મોસમવિજ્ઞાન મુજબ જોઈએ તો ઓસ્ટ્રેલિયાની પાસે રહેલ હિન્દ મહાસાગરનું તાપમાન ઓસીઝ બાજુ વધારે છે અને પૂર્વ બાજુ ઓછું એટલે થયું એવું કે વરસાદ લાવનાર ઠંડા પવનો પૂર્વ બાજુ વધુ ફંટાયા નતીજા, ન્યુ સાઉથ વેલ્સ રાજ્યના ૫૦ લાખ હેક્ટર જેટલા પ્રદેશમાં આગ લાગી. અંદાજે આઠ લાખથી વધુ સ્કેવર એરિયામાં લાગેલી આ આગનો ઘેરાવો એ વાત પરથી સમજી શકાય કે એક આખા પાકિસ્તાન જેટલા પ્રદેશમાં આગ લાગી છે. ઘણી જાડીઓવાળા પ્રદેશો, જંગલથી ઢંકાયેલા પર્વતો અને રાષ્ટ્રીય પાર્કસ.... કોઈ કહેતા કોઈ આ આગની ઝપેટમાંથી બચી શક્યું નથી. અનેક લોકોનું સ્થળાંતર કરવું પડ્યું. હજારો ફાયરકર્મીઓ અને સ્વયંસેવકો આ આગથી જાન-માલને બચાવવા ધંધે લાગ્યા છે. લગભગ ૧૫૦૦ ઘર બરબાદ થઈ ગયા છે, લગભગ ચાલીસેક લોકોએ પોતાનો પ્રાણ ગુમાવ્યો છે અને સૌથી વધુ કરુણ અને આંખ ભીંજવી નાખે એવી વાત એ છે કે જંગલોમાં નિવાસ કરતા - ઊછળકૂદ કરતા લગભગ ૫૦ કરોડ પ્રાણીઓ આ આગમાં જીવતા ભૂંજાઈ ગયા છે.

આખી દુનિયામાં અરેરાટી આ અબોલ જાનવરોને લીધે વધુ થઇ. આગમાં સૌથી વધુ પ્રભાવિત પણ એ જ થયા છે એમ કહી શકાય. અમુક વિસ્તારોમાં આગ પર કાબુ મેળવી તો લેવામાં આવ્યો છે પણ હકીકત એ છે કે બચી ગયેલા જનાવરો માટે ખાવાનું મળવું મુશ્કેલ છે. ઓસ્ટ્રેલીયન સરકાર અત્યારે તો અનેક મોરચે લડી રહી છે જેમકે ઘરવખરી બચાવવી, આગ ઓલવવી અને ખાસ તો આ મૂંગા જનાવરોને બચાવવા. ઓસ્ટ્રેલિયામાં સૌથી વધારે કોઆલા નામનું જાનવર જોવા મળે છે. ન્યુ સાઉથ વેલ્સમાં લગભગ ૩૦% અને કાંગારું આઈલેન્ડ પર ૫૦% કોઆલા આ આગમાં મરી ચુક્યા છે અને જે જીવતા રહ્યા હતા એ જનાવરો ખોરાકની અછતને લીધે મૃત્યુ પામ્યા. આમ તો આંકડો તો ૧ કરોડથી વધુ જનાવરોના મોતનો છે. ન્યુ સાઉથ વેલ્સ અને એની આસપાસનો ઈલાકો જાણે કે આવા માસુમ જનાવરો વગરનો થઈ ગયો છે. જે બચી ગયા છે એ અબોલ પશુ પંખીઓની જાળવણી અત્યારે અગ્રક્રમે છે.

ઓસ્ટ્રેલીયન બુશફાયરની આ ભયાનક તસ્વીરો અને આંકડાઓ પછી સ્વાભાવિક સવાલ એ થાય કે શું કલાઈમેટ ચેન્જ એની અસરો છોડતું થઇ ગયું છે. સી, સંશોધકો અને વૈજ્ઞાનિકો એમની રીતે આ વાત કહેતા રહ્યા છે અને ખાસ તો જગતભરમાં બદલાતા તાપમાન પછી એક મુદ્દો સ્પષ્ટ છે કે હવામાન બદલાય છે, તાપમાન બદલાય છે પણ આપણે હજુ સુધી આ બદલાતા હવામાનની ભયાનક અસરોનો તાગ મેળવવામાં નિષ્ફળ ગયા છીએ. હમણાં જ સમાચાર આવેલા કે મુંબઈ, કલકત્તા જેવા દરિયાકાંઠે વસેલા જગતના લગભગ વીસેક શહેરો આવનારા ત્રીસેક વર્ષોમાં પાણીમાં ગરકાવ થઈ જવાના કે પછી દરિયો ગળી જવાનો. બરફની ગ્લેશિયરો પુરઝડપે ઓગળી રહી છે જે દરીયાની સપાટી ઉંચી લાવશે. એમેઝોન જંગલોમાં લાગેલી વિકરાળ આગને કઈ બહુ સમય નથી થયો અને ઓસ્ટ્રેલીયન બુશફાયર પણ હજુ સંપૂર્ણ શાંત નથી જ થયું એવામાં કલાઈમેટ ચેન્જ અને એની ભયાનક અસરોનો આ એલાર્મ જ ગણવો રહ્યો.